# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે જુલાઈ-૨૦૨૩માં યોજાયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર ઓનલાઈન જાહેર કરવામાં આવેલ છે. સદર પરીક્ષાના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો અને ધોરણ-૧૦ ના માર્ચ-૨૦૨૩ પરીક્ષાના પ્રમાણપત્રો તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે **તા.૦૨/૦૮/૨૦૨૩**ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી **તા.03/૦૮/૨૦૨૩**ના રોજ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની તમામ શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ **તા.૦૪/૦૮/૨૦૨૩** થી **દિન-૦૨ (બે)** માં વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણકરવાનું રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

**તારીખ :** ૦૧/૦૮/૨૦૨૩
**સ્થળ :** ગાંધીનગર

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર